**<u>શ્રી અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, ભુજ–કચ્છ</u>**

**<u>ફોજદારી કેસ નં.૭૭૩/૨૦૨૬</u>**

**<u>આંક–બી/૮</u>**

**ફરીયાદી :** શ્રી સરકાર

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી :** **વિશાલ ચંદુલાલ મોતા (રાજગોર)**
ઉ.વ. ૨૪, ધંધો–કર્મકાંડ
મુળ રહે. મડદ વાડી વિસ્તાર, બાઘ, તા. માંડવી–કચ્છ
હાલે રહે. સી–૫૪, જલારામ સોસાયટી, ભકિતપાર્ક
નવાવાસ, માધાપર, તા. ભુજ–કચ્છ

ગુન્હો :– <u>બી.એન.એસ. કલમ–૬૪(૧), ૭૫(૧)(૧)</u>
<u>તથા ૩૫૧(૩) મુજબ</u>

બાબત :– **<u>કામ કમીટ થવા અંગે</u>**

**<u>// કમીટલ હુકમ //</u>**

(૧) આ કામમાં માધાપર પોલીસ સ્ટેશન પાર્ટ–એ, ગુ.ર.નં.૧૧૨૦૫૦૩૯૨૫૦૬૭૪/૨૦૨૫ અન્વયે ફરીયાદપક્ષે આ કામના આરોપી સામે અત્રેની અદાલતમાં ઉપરોકત મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. જે આરોપી સામેના ગુનાનું તહોમત જોતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા નામદારશ્રી સેશન્સ અદાલતને રહેલી છે. અત્રેની અદાલતને સદરહુ ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા ન હોઈ સદરહુ કેસ નામદારશ્રી પ્રિન્સીપાલ સેશન્સ અદાલત, ભુજ–કચ્છ તરફ કમીટ કરવા માટેના વ્યાજબી અને પુરતા કારણો છે.

(૨) આ કામના આરોપી મુદતે કોર્ટમાં હાજર થતાં તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ની કલમ–૨૩૦ મુજબ નકલો મળ્યાની ખાતરી કરેલ છે તેમજ આ કામે આરોપી પોતાની સામેનો કેસ સ્વખર્ચે ખાનગી વકીલ રોકીને બચાવ આપવા માંગે છે તે મતલબની

આરોપીની પ્લી નોંધવામાં આવી. આ કામના આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં નથી જામીન મુકત થયેલા છે અને જામીનદારે પુરસીસ આપેલ છે.

(૩) આમ, ઉપરોકત તમામ કારણોસર આરોપી સામેનું તહોમત જોતાં અત્રેની કોર્ટને ચલાવવાની સતા ન હોઇ, માત્ર નામદારશ્રી સેશન્સ જજશ્રીને ઇન્સાફી કાર્યવાહી કરવાની સતા હોઇ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ની કલમ–૨૩૨ મુજબ સદર કેસ ઇન્સાફી કાર્યવાહી થવા નામદાર શ્રી પ્રિન્સીપાલ સેશન્સ અદાલત, ભુજ–કચ્છ તરફ કમીટ કરવાનો નીચે મુજબનો હુકમ કરવાનાં આવે છે.

## // હુકમ //

૧. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ની કલમ–૨૩૨ મુજબ સદર કેસ ઇન્સાફી કાર્યવાહી થવા સારુ નામદાર શ્રી પ્રિન્સીપાલ સેશન્સ અદાલત, ભુજ–કચ્છ ને મોકલી આપવો.

૨. આ કેસનું રેકર્ડ તમામ મુદામાલ સહિતનું જે કાંઇ રેકર્ડ હોય તે તાત્કાલિક તૈયાર કરી નામદાર શ્રી પ્રિન્સીપાલ સેશન્સ અદાલત, ભુજ–કચ્છ તરફ મોકલી આપવું.

૩. આ કેસ સેશન્સ કમીટ થયા અંગેની જાણ પબ્લીક પ્રોસીકયુટરશ્રી, ભુજ–કચ્છ નાઓને કરવી.

૪. આ કામના આરોપીને અત્રેની નામદાર શ્રી પ્રિન્સીપાલ સેશન્સ અદાલત, ભુજ–કચ્છ સમક્ષ ઉપસ્થિત રહેવા માટે મુદત તારીખ : **૦૫/૦૬/૨૦૨૬** આપવામાં આવેલ છે.

હુકમ આજ તારીખ : ૧૫, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૧૫/૦૫/૨૦૨૬
ભુજ–કચ્છ

**(કે.સી.જોષી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ–કચ્છ (કોડ નં.જીજે૦૧૧૩૨)

MD